# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઈ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/148 Dt. 20/09/2025

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના ૨૦ ઉદ્યોગપતિઓના પ્રતિનિધિ મંડળે દક્ષિણ ભારતના તિરુપુર, કરૂર અને ઈરોડના ટેક્સ્ટાઈલ એકમોની મુલાકાત કરી, ઈન્ડસ્ટ્રી અને ધંધા-ઉદ્યોગની માહિતી મેળવી

### તિરુપુર એક્ષ્પોર્ટ એસોસિએશનના હોદ્દેદારો સાથેની મુલાકાતમાં કેન્દ્ર સરકારમાં પોલિસી સંબંધિત રજૂઆતો, સુરતના એમએમએફ ટેક્ષ્ટાઈલના ઉત્પાદનોના એક્ષ્પોર્ટમાં વૃદ્ધિ, ટેક્ષ્ટાઈલ રો મટિરિયલની અવેલિબિટી, યુ.એસ. ટેરિફની અસરો અને તેને પહોંચવા માટેના અભિગમો વિશે ચર્ચા કરાઈ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ૨૦ ઉદ્યોગપતિઓના પ્રતિનિધિ મંડળે દક્ષિણ ભારતના તિરુપુર, કરૂર અને ઈરોડ ખાતેના ટેક્ષ્ટાઈલ એકમોની મુલાકાત કરી ઈન્ડસ્ટ્રી અને ધંધા-ઉદ્યોગની માહિતી મેળવી હતી, જેમાં તેઓએ બે CFC સેન્ટર (સિમ્કા (તિરુપુર) અને AIC NIFTEA)ની સાથે-સાથે તિરુપુરના બે મોટા ઉદ્યોગગૃહો ઈરોડ ખાતે ટેક્નોસ્પોર્ટવિયર પ્રાઈવેટ લિમિટેડ અને કરૂર ASIAN FABRIX પ્રાઈવેટ લિમિટેડના પ્લાન્ટની મુલાકાત કરી હતી. આ દરમિયાન તિરુપુર એક્ષ્પોર્ટ એસોસિએશન અને કરૂર ટેક્ષ્ટાઈલ મેન્યુફેક્ચર્સ એક્ષ્પોર્ટસ એસોસિએશન સાથે મિટીંગ યોજીને પરસ્પરના ઉદ્યોગ-ધંધાના વિકાસમાં સહયોગ થવા માટેના MoU સાઈન કરવા બાબતે સહમત થયા હતા.

તા. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ તિરુપુર એક્ષ્પોર્ટ એસોસિએશનના હોદ્દેદારો સાથે ચેમ્બરના પ્રતિનિધિ મંડળે મુલાકાત કરી, જેમાં પરસ્પર સહયોગની ચર્ચામાં વિશેષત કેન્દ્ર સરકારમાં પોલિસી સંબંધિત રજૂઆતો, સુરતના એમએમએફ ટેક્ષ્ટાઈલના ઉત્પાદનોને તિરુપુર એક્ષ્પોર્ટ એસોસિએશન દ્વારા એક્ષ્પોર્ટમાં કેવી રીતે સહયોગ આપી શકાય તે અંગે, ટેક્ષ્ટાઈલ રો મટિરિયલની અવેલિબિટી, યુ.એસ. ટેરિફની અસરો અને તેને પહોંચવા માટેના અભિગમોનો સમાવેશ થયો હતો.

આ ઉપરાંત, અમેરિકા સિવાયના અન્ય દેશોમાં એક્ષ્પોર્ટ વધે તે અંગેની ચર્ચા કરવામાં આવી હતી. મિટીંગ દરમિયાન તિરુપુર એક્ષ્પોર્ટ એસોસિએશન અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પરસ્પર ધંધા-ઉદ્યોગમાં સહયોગી થવા સહમતિ દર્શાવી હતી. તિરુપુર એક્ષ્પોર્ટ એસોસિએશન સુરતમાં એમએમએફ ઉત્પાદકોને પ્રોડકટને કેવી રીતે એક્ષ્પોર્ટ કરવું તે અંગે માહિતગાર કરવાની સાથે જ ચેમ્બરના સભ્યોને ઈન્ક્વાયરી આપશે. તે ઉપરાંત તેમના વતી એક્ષ્પોર્ટ કરવામાં મદદ આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.

તિરુપુર ખાતે સાઉથ ઇન્ડિયા ઈમ્પોર્ટેડ મશીન્સ નીટર્સ એસોસિએશન દ્વારા એસ્ટાબ્લિશ CFC ની મુલાકાત પ્રતિનિધિ મંડળે કરી હતી. આ CFC સેન્ટર તિરુપુરના માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝર્સને પ્રોડકટ ડેવલપમેન્ટ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, સેમ્પલ ડેવલપમેન્ટની મદદ પૂરી પાડે છે. ઇન્ડિયા નીટફેર એસોસિએશન દ્વારા આયોજિત એક્ઝિબીશનની મુલાકાત લઈ સુરતના ઉદ્યોગપતિઓએ તિરુપુરના એક્ષ્પોર્ટર્સ સાથે મુલાકાત કરી ઈન્ક્વાયરીની આપ-લે કરી હતી.

AIC NIFTEA દ્વારા ગારમેન્ટ ક્ષેત્રે સંશોધન, પ્રોડકટ ડેવલપમેન્ટ, ડિઝાઇન ડેવલપમેન્ટ, સ્કીલ ડેવલપમેન્ટની ટ્રેનિંગ અને વર્ષે અંદાજે ૭૦૦ ગારમેન્ટ ક્ષેત્રે ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ સ્કિલ્ડ વર્ક ફોર્સ ઈન્ડસ્ટ્રીને આપવામાં આવે છે. આ સંસ્થાના એક વિદ્યાર્થી દ્વારા ટેક્નોસ્પોર્ટસવિયર પ્રાઈવેટ લિમિટેડની કંપનીની શરૂઆત કરવામાં આવી હતી, જેના પ્લાન્ટની પણ ચેમ્બરના પ્રતિનિધિ મંડળે મુલાકાત કરી હતી. આ કંપની દ્વારા ભારતમાં સ્પોર્ટસવેર ક્ષેત્રે નામના મેળવી છે અને કેન્દ્ર સરકારની પીએલઆઈ સ્કીમમાં રૂ. ૧૫૦ કરોડનું રોકાણ કર્યું છે. કંપનીએ માત્ર બે વર્ષ વાર્ષિક રૂ. ૪૫૦ કરોડનું ટર્નઓવર મેળવેલ છે. આ કંપનીમાં વિવિંગથી માંડીને ગારમેન્ટ સુધીની સંપૂર્ણ પ્રક્રિયા થાય છે. સાથે જ કંપની અલ્ટ્રામોડર્ન ઝીરો વોટર લિક્વિડ ડિસ્ચાર્જ (ZLD)પ્લાન્ટ ધરાવે છે.

કરૂર ખાતે હોમ ટેક્ષ્ટાઈલ ક્ષેત્રે ભારતની બીજી સૌથી મોટી ટેક્ષ્ટાઈલ કંપની ASIAN FABRIX પ્રાઈવેટ લિમિટેડ, જે વિશ્વની સૌથી મોટી હોમ ફર્નિસિંગ IKEA કંપનીની હોમ ટેક્ષ્ટાઈલની મુખ્ય વેન્ડર છે. આ કંપની અલ્ટ્રામોડર્ન યાર્નથી માંડીને ફિનિશ્ડ પ્રોડકટ બનાવે છે.

આ બંને કંપનીઓના હોદ્દેદારો દ્વારા સુરતના ઉદ્યોગપતિઓને ચીનથી આયાત કરવામાં આવતાં MMF ફેબ્રિક્સના સેમ્પલ આપતા જણાવવામાં આવ્યું હતું કે, જો સુરતના ઉદ્યોગપતિઓ આયાત થતા MMF ફેબ્રિક્સનું ઉત્પાદન સુરતમાં કરશે તો તેઓ સુરતના ઉદ્યોગ સાહસિકો પાસેથી ફેબ્રિકની ખરીદી કરશે, સાથે જ તેઓ તેમની પાસે આવતી ઈન્ક્વાયરી પણ સુરતના ઉદ્યોગ સાહસિકોને આપશે. તેઓએ સુરતનો ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ હજુ નવા આયામો હાંસલ કરે તે માટે પૂર્ણ રીતે મદદરૂપ થવાની ભાવના વ્યક્ત કરી હતી.